Bhavan's Shri I.L.Pandya Arts, Science &
Smt. Jashodaben Shah Commerce College,
DAKOR

B.Com. Sem - I

# ઉચ્ચતર નામાપધ્ધતિ – ૧

# ADVANCED ACCOUNTING - I

Prof. D. V. Surti

# આડતમાલના હિસાબો
## Consignment Accounts

વિદેશમાં કે દૂરના સ્થળે ત્યાંના સ્થાનિક કે પ્રતિષ્ઠિત વેપારી દ્વારા માલ વેચવાની વ્યવસ્થાને આડતમાલ કહેવામાં આવે છે. અહીં કંપની એ કે વેપારીએ શાખા ખોલવા માટે કોઈ નાણાંનું રોકાણ કરવાનું રહેતું નથી.

આ પદ્ધતિમાં પરદેશના કોઈ પ્રતિષ્ઠિત વેપારીને પોતાના એજન્ટ કે આડતિયા તરીકે નીમવામાં આવે છે અને તેને માલધણી પોતાને હિસાબે અને જોખમે માલ વેચવા મોકલે છે. તેના બદલામાં એજન્ટ કે આડતિયાને કમિશન આપવામાં આવે છે.

આવા સ્થાનિક એજન્ટો ત્યાંની પરિસ્થિતિથી પરિચિત હોઈ તથા અનુભવી હોઈ વેચાણ વધારવા માટે ખૂબ ઉપયોગી નીવડે છે.

# આડતમાલના વેપારની વિધિ :

૧. માલધણી આડતિયાને માલ મોકલે છે.

૨. માલધણી ખર્ચ ચૂકવે છે.

૩. આડતિયા તરફથી માલધણીને એડવાન્સ મોકલવામાં આવે છે.

૪. આડતિયો ખર્ચ ચૂકવે છે.

૫. વેચાણ પછી આડતિયો વેચાણ આંકડો તૈયાર કરે છે.

૬. આડતિયો હિસાબ ચૂકતે કરે છે.

૭. માલધણીને વેચાણ આંકડો મળે છે.

# માલધણીના ચોપડે જરૂરી આમનોંધ :

૧. જયારે આડત પર માલ મોકલવામાં આવે ત્યારે :

આડતમાલ ખાતે ઉ.

તે આડત પર મોકલેલ માલ ખાતે.....

( ધ્યાનમાં રાખો કે જયારે માલ આડતિયાને મોકલવામાં આવે છે ત્યારે આડતિયો માલની ખરીદી નથી કરતો તેમજ માલધણીનો દેવાદાર થતો નથી એટલે માલધણી માલ મોકલતાં, આડતિયા ખાતે કોઈ રકમ ઉધારી શકે નહિ.)

## ૨. <u>માલ મોકલતાં માલધણી ખર્ચ ચૂકવે ત્યારે :</u>

આડતમાલ ખાતે ઉ.

તે રોકડ કે બેંક ખાતે.....

( માલધણી જે ખર્ચ ચૂકવે છે તે આડતમાલના ધંધાનો ખર્ચ હોવાથી આડતમાલખાતે ઉધારવામાં આવે છે. કોઈ વ્યકિતગત ખર્ચ ખાતે (દા.ત. મજૂરી ખાતે ) રકમ ઉધારવામાં આવતી નથી )

## ૩. આડતિયા તરફથી એડવાન્સ મળે ત્યારે :

રોકડ / બેંક ખાતે ઉ.

લેણીહૂંડી ખાતે ઉ.

તે આડતિયા ખાતે.....

( આડતમાલના ધંધામાં સામાન્ય રીતે એવો રિવાજ છે કે આડતિયો આડતમાલ પેટે થોડી રકમ માલધણીને એડવાન્સ તરીકે રોકડ કે બેંક ડ્રાફ્ટ કે લેણીહૂંડી આપે છે. )

## ૪. માલધણી હૂંડી વટાવે ત્યારે :

રોકડ / બેંક ખાતે ઉ.

આડતમાલ ખાતે (વટાવ) ઉ.

તે લેણીહૂંડી ખાતે.....

( માલધણીને નાણાંની તાત્કાલિક જરૂર હોય તો માલધણી બેંકમાં જઈ આ હૂંડી વટાવશે અને હૂંડી વટાવતાં આપેલ વટાવ આડતમાલના ધંધાનો ખર્ચ ગણી આડતમાલ ખાતે ઉધારવામાં આવશે.)

# કેટલીકવાર હૂંડી વટાવ્યા અંગે બે નોંધ કરવામાં આવે છે :

(અ) રોકડ / બેંક ખાતે ઉ.
વટાવ ખાતે ઉ.
તે લેણીહૂંડી ખાતે.....

(બ) આડતમાલ ખાતે ઉ.
તે વટાવ ખાતે......

## પ. આડતિયા તરફથી વેચાણઆંકડો મળે ત્યારે :

### વેચાણ અંગે નોંધ :

આડતિયા ખાતે ઉ.

તે આડતમાલ ખાતે.....

( વેચાણનાં નાણાં આડતિયાને મળ્યાં હોવાથી તે રકમ અંગે આડતિયો માલધણીનો દેવાદાર થાય છે તેથી વેચાણની રકમ આડતિયા ખાતે ઉધારાય છે. આડતમાલ ખાતું એક પ્રકારનું વેપારખાતું હોવાથી આ રકમ આડતમાલ ખાતે જમા થાય છે,કારણ કે તે આડતમાલની આવક છે.)

## ૬. <u>આડતિયાએ ચૂકવેલ ખર્ચ અંગે</u> :

આડતમાલ ખાતે ઉ.

તે આડતિયા ખાતે.....

( આડતિયાએ ચૂકવેલ ખર્ચ માલધણીએ આડતિયાને મજરે આપવાનો હોય છે, તેથી તે રકમ આડતિયા ખાતે જમા થાય છે અને આ ખર્ચ આડતમાલના ધંધાનો ખર્ચ હોવાથી આડતમાલ ખાતે ઉધાર કરવામાં આવે છે.)

## ૭. <u>આડતિયાને આપવાની આડત(કમિશન) અંગે</u> :

આડતમાલ ખાતે ઉ.

તે આડતિયા ખાતે.....

( આડતિયાને આપવામાં આવતી આડત આડતમાલના ધંધાનો ખર્ચ હોવાથી આડતમાલ ખાતે ઉધાર કરવામાં આવે છે અને આ રકમ આડતિયાને ચૂકવવાની હોવાથી તે માલધણીનો લેણદાર બને છે તેથી તે રકમ આડતિયા ખાતે જમા થાય છે.)

## ૮. આડતિયા પાસેથી મળેલ બાકી રકમ અંગે :

રોકડ / બેંક ખાતે ઉ.
લેણીહૂંડી ખાતે ઉ.
તે આડતિયા ખાતે.....

( આડતિયો આડતમાલના વેચાણ અંગે મળેલ રકમમાંથી પોતાનો ખર્ચ, એડવાન્સ રકમ અને કમિશનની રકમ કાપી લઈ બાકીની રકમ રોકડ કે બેંક ડ્રાફ્ટ કે લેણીહૂંડી દ્વારા મોકલે છે. )

## ૯. આડતમાલનો સ્ટોક બાકી હોય તો :

આડતમાલના સ્ટોક ઉ.

તે આડતમાલ ખાતે.....

( વર્ષને અંતે આડતમાલનો નફો કે નુકશાન શોધવા માટે આડતિયા પાસે વેચાયા વિનાનો પડી રહેલો આખર સ્ટોક તેની મૂળકિંમતે(પ્રમાણસરના ખર્ચ સહિત) આડતમાલ ખાતે જમા કરવામાં આવશે. )

## ૧૦. આડતમાલના નફા કે નુકશાન અંગે :

(અ) જયારે નફો હોય ત્યારે :

આડતમાલ ખાતે ઉ.

તે સામાન્ય નફાનુકશાન ખાતે.....

(બ) જયારે ખોટ કે નુકશાન હોય ત્યારે :

સામાન્ય નફાનુકશાન ખાતે ઉ.

તે આડતમાલ ખાતે.....

# ૧૧. આડત પર મોકલેલ માલ ખાતું બંધ કરવા :

આડતમાલ પર મોકલેલ માલ ખાતે ઉ.
તે વેપાર ખાતે.....

( વર્ષને અંતે "આડતમાલ પર મોકલેલ માલ ખાતું" માલની મૂળકિંમતે વેપાર ખાતે લઈ જવામાં આવે છે અને તે ખાતું બંધ કરવામાં આવે છે. )

# માલધણીના ચોપડે જરૂરી ખાતાંઓ :

## (૧) આડતમાલ ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે | .... | આડતિયા ખાતે(વેચાણ) | .... |
| રોકડ/બેંક ખાતે (ખર્ચ ) | .... | આડતમાલ સ્ટોક ખાતે | .... |
| લેણીહૂંડી ખાતે (વટાવ) | .... | ખોટ (ન.નુ.ખાતે) ( ? ) | .... |
| આડતિયા ખાતે (ખર્ચ ) | .... | | |
| આડતિયા ખાતે (કમિશન) | .... | | |
| નફો (ન.નુ.ખાતે) ( ? ) | .... | | |
| | .... | | .... |

# (૨) આડતિયાનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| આડતમાલ ખાતે (વેચાણ) | .... | રોકડ/બેંક/લેણીહૂંડી ખાતે (એડવાન્સ)<br>આડતમાલ ખાતે (ખર્ચ)<br>આડતમાલ ખાતે(કમિશન)<br>રોકડ/બેંક/લેણીહૂંડી ખાતે (ચૂકતે કરેલ રકમ) ( ? ) | ....<br>....<br>....<br>.... |
| | .... | | .... |

# (૩) આડત પર મોકલેલ માલનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| વેપાર ખાતે (મૂળકિંમત)(?)<br>(વર્ષને અંતે ખાતું બંધ કર્યું) | .... | આડતમાલ ખાતે<br>( મોકલેલ માલ ) | .... |
| | .... | | .... |

THANK YOU

# આડતિયાના ચોપડે જરૂરી આમનોંધ :

આડતિયાને જયારે માલધણી તરફથી આડત પર માલ વેચવા માટે મળે ત્યારે તે પોતે માલ ખરીદતો નથી અને માલની માલિકી પણ તેને મળતી નથી, એટલે જયારે માલ મળે ત્યારે તે કોઈ નોંધ કરતો નથી. તે જ પ્રમાણે આડતમાલ મોકલતાં માલધણી જે ખર્ચ કરે છે તેની પણ આડતિયો કોઈ નોંધ કરતો નથી, પરંતુ માલ વેચવા માટે મળે ત્યારે આડતિયો માલધણીને કેટલીક રકમ એડવાન્સ તરીકે આપે છે તે અંગે આડતિયો પોતાના ચોપડે નીચે મુજબની આમનોંધ કરે છે....

## ૧. <u>આડતમાલ અંગે એડવાન્સ આપવામાં આવે</u> :

માલધણી ખાતે ઉ.

તે રોકડ કે બેંક ખાતે.....

તે દેવીહૂંડી ખાતે.....

( આડતિયાએ આપેલી હૂંડી માલધણી જયારે બેંકમાં વટાવે ત્યારે તેની સાથે આડતિયાને કોઈ સંબંધ નથી, એટલે તેની કોઈ નોંધ આડતિયો પોતાના ચોપડે કરશે નહિ. )

## ૨. <u>આડતિયાનો ખર્ચ</u> :

માલધણી ખાતે ઉ.

તે રોકડ કે બેંક ખાતે.....

( આડતિયો જે ખર્ચ ચૂકવે તે માલધણી પાસે વસૂલ કરવાનો હોવાથી તે રકમ માલધણી ખાતે ઉધારવામાં આવે છે.)

## ૩. <u>આડતિયો માલનું વેચાણ કરે ત્યારે</u> :

### (૩.અ) <u>જયારે રોકડેથી વેચાણ થાય ત્યારે</u> :

રોકડ કે બેંક ખાતે ઉ.

તે માલધણી ખાતે.....

( આડત પર મળેલ માલનું આડતિયો રોકડેથી વેચાણ કરે ત્યારે તે રકમથી માલધણીનું ખાતું જમા થાય છે.)

## (૩.બ) <u>જયારે ઉધાર વેચાણ થાય ત્યારે</u> :

**દેવાદારો કે ગ્રાહકો ખાતે ઉ.**

**તે માલધણી ખાતે.....**

**( આડતિયો જે ગ્રાહકોને માલનું ઉધાર વેચાણ કરે છે તેઓ આડતિયાના દેવાદારો બને છે તેથી તે ગ્રાહકો કે દેવાદારો ખાતે ઉધાર થાય છે અને તેટલી રકમથી માલધણી લેણદાર બનતો હોવાથી તેના ખાતે જમા થાય છે.)**

## (૩.ક) <u>ગ્રાહક માલ પરત કરે ત્યારે</u> :

માલધણી ખાતે ઉ.

તે દેવાદારો કે ગ્રાહકો ખાતે.....

( જયારે ગ્રાહકો આડતિયાને માલ પરત કરે ત્યારે ઉધાર વેચાણની નોંધથી વિરુધ્ધની નોંધ કરવામાં આવે છે.)

## (૩.૬) જયારે આડતિયો પોતે માલ ખરીદી લે ત્યારે :

ખરીદી ખાતે ઉ.

તે માલધણી ખાતે.....

( આડતિયો પોતાના અંગત ધંધા માટે આ માલ ખરીદી લેતો હોવાથી તે માલ ખરીદ ખાતે ઉધારશે અને તેટલી રકમ માટે માલધણી લેણદાર બનતો હોવાથી માલધણી ખાતે જમા થશે.)

## ૪. વેચાણ પર લેણું થયેલ કમિશન :

માલધણી ખાતે ઉ.

તે આડત કે કમિશન ખાતે.....

( આડતમાલના વેચાણ પર લેણું થયેલ કમિશન આડતિયાની આવક ગણાય છે, એટલે કમિશન કે આડત ખાતે જમા થાય છે. તે રકમ માલધણી પાસે લેણી થાય છે એટલે તેને ખાતે ઉધારાય છે.)

## પ. હિસાબ ચૂકતે કરવામાં આવે ત્યારે :

માલધણી ખાતે ઉ.

તે રોકડ કે બેંક કે દેવીહૂંડી ખાતે.....

( આડતિયો આડતમાલના વેચાણ અંગે મળેલ રકમમાંથી પોતાનો ખર્ચ, એડવાન્સ રકમ અને કમિશનની રકમ બાદ કરી બાકીની રકમ રોકડ કે બેંક ડ્રાફટ કે દેવીહૂંડી દ્વારા મોકલે છે. )

# આડતિયાના ચોપડે જરૂરી ખાતાંઓ :

## (૧) માલધણીનું ખાતું

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| રોકડ/બેંક/દેવીહૂંડી ખાતે ( એડવાન્સ ) | .... | રોકડ કે બેંક ખાતે ( રોકડ વેચાણ ) | .... |
| રોકડ/બેંક ખાતે (ખર્ચ ) | .... | દેવાદારો કે ગ્રાહકો ખાતે ( ઉધાર વેચાણ ) | .... |
| દેવાદારો ખાતે (માલ પરત) | .... | | |
| આડત કે કમિશન ખાતે | .... | ખરીદ ખાતે ( અંગત ) | .... |
| રોકડ/બેંક/દેવીહૂંડી ખાતે ( હિસાબ ચૂકતે ) ( ? ) | .... | | |
| | .... | | .... |

# THANK YOU